સોશીયલ મીડીયા ફેસબુક ઉપર ફેક એકાઉન્ટ બનાવી તેમાં ફરીયાદીની છોકરી સાથે તથા ફરીયાદીની ફેમેલીના સભ્યોના ફોટોગ્રાફ અપલોડ/પોસ્ટ કરનાર આરોપીને ઝડપી પાડતી, સુરત શહેર સાયબર ક્રાઇમ પો.સ્ટે.ની ટીમ.

સુરત શહેર સાયબર ક્રાઇમ પો.સ્ટે. ॥ ગુ.ર.નં-૦૫/૨૦૧૯, ઇ.પી.કો. કલમ-૫૦૦ તથા આઇ.ટી. એક્ટ કલમ-૬૬(સી), ૬૬(ડી) મુજબનો ગુન્હો દાખલ થયેલ. જે ગુન્હામાં સંડોવાયેલ ઇસમે ફેસબુક ઉપર ફેક એકાઉન્ટ બનાવી તે એકાઉન્ટમાં ફરીયાદીની છોકરી સાથે તથા ફરીયાદીની ફેમેલીના સભ્યોના ફોટોગ્રાફ અપલોડ/પોસ્ટ કરતો હતો. સદર ગુન્હો શોધી કાઢવા સારૂ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન દ્વારા ટેકનીકલ સર્વેલન્સ આધારે આ ગુન્હામાં સંડોવાયેલ આરોપીને આઇડેન્ટીફાઇ કરી, સાયબર ક્રાઇમ પો.સ્ટે.ના એ.એસ.આઇ. પૃથ્વીરાજસિંહ તખતસિંહ તથા અ.હે.કો. જયદિપસિંહ પરસોત્તમભાઇ તથા અ.પો.કો. વિજયદાન જશકરણદાન નાઓને મહારાષ્ટ્ર ખાતે તપાસમાં મોકલતા તેઓએ સદર ગુન્હામાં સંડોવાયેલ આરોપી નિલેશ ઉર્ફે દાદુ S/O આનંદરાવ બાબુરાવ પાટીલ ઉ.વ.૧૯ ધંધો-ડ્રાઇવીંગ રહે. ગામ-મંગરૂલ, રામ મંદિર ચોક પાસે તા.પારોલા જી. જલગાવ (મહારાષ્ટ્ર) નાને શોધી કાઢી, સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે લઇ આવતા સદર આરોપીની પુછ પરછ કરતા તેણે આશરે પાંચ માસ પહેલા ફેસબુક ઉપર ફેક એકાઉન્ટ બનાવી તે એકાઉન્ટમાં ફરીયાદીની છોકરી સાથેનો ફોટો તથા ફરીયાદીની ફેમેલીના સભ્યોના ફોટોગ્રાફ અપલોડ/પોસ્ટ કરેલ હોવાની કબુલાત કરેલ છે.